# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-02-2026 Day: Tuesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## P.M- ફ્રાન્સના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મુંબઈમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોનને મળશે. આ દરમિયાન, બંને નેતાઓ ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારીમાં પ્રગતિની સમીક્ષા કરશે અને પ્રાદેશિક અને વૈશ્વિક મહત્વના મુદ્દાઓ પર પોતાના વિચારો શેર કરશે. મેક્રોન આજથી ભારતની ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે છે. રાષ્ટ્રપતિ મેક્રોનની આ ભારતની ચોથી અને મુંબઈની પહેલી મુલાકાત હશે.

----------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીની અધ્યક્ષતામાં મથન બેઠક :

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં આજે વિવિધ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીઓ સાથે ઉચ્ચ સ્તરની મંથન બેઠક યોજાશે. સહકાર મંત્રાલયે જણાવ્યું કે, ગાંધીનગરમાં યોજાનારી આ બેઠક મંત્રાલયની મુખ્ય પહેલની સમીક્ષા, પ્રગતિનું મૂલ્યાંકન, રાજ્યોને શ્રેષ્ઠ પ્રથાઓ અને અનુભવનું આદાન-પ્રદાનની સાથે ભવિષ્ય માટે એક સંકલિત વ્યૂહરચના તૈયાર કરવામાં મદદરૂપ થશે.

ચર્ચામાં ગ્રામીણ અર્થતંત્રને નવી ગતિ આપવાના હેતુસર સ્થાપિત કરવામાં આવનારી બે લાખ નવી બહુહેતુક પ્રાથમિક કૃષિ ધિરાણ સમિતિઓ – MPACS, દૂધ ઉત્પાદન અને મત્સ્ય પાલન સહકારી સમિતિઓની પ્રગતિ પર વિચાર-વિમર્શ કરાશે.

----------------------------------------------------------------------------------------

## 15મી વિધાનસભાનો રાજ્યપાલના સંબોધન સાથે પ્રારંભ :

15મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રનો ગઈકાલથી રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધન સાથે પ્રારંભ થયો. આ પ્રસંગે શ્રી દેવવ્રતે રાજ્યની વિકાસયાત્રા, સુશાસન અને સર્વસમાવેશી નીતિઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે કહ્યું, વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના સંકલ્પ સાથે સર્વાંગી વિકાસ માટે સરકાર પ્રતિબદ્ધ છે.

તેમણે ઉમેર્યું, પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ રાજ્યમાં 22 હજાર કરોડથી વધુની સહાય 69 લાખથી વધુ ખેડૂત પરિવારોને આપવામાં આવી છે. જ્યારે કમોસમી વરસાદથી નુકસાન સામે કૃષિ રાહત પેકેજ હેઠળ 33 લાખથી વધુ ખેડૂતોને 9 હજાર 610 કરોડ રૂપિયાની સહાય ચુકવવામાં આવી છે. રાજ્યપાલે જણાવ્યું કે, 10 વર્ષીય ભરતી કેલેન્ડર દ્વારા 2 લાખથી વધુ જગ્યાઓ ભરાશે

ઉલ્લેખનીય છે કે, 25 માર્ચ સુધી ચાલનારા આ સત્રમાં ગુજરાત આંતક વિરોધી ખરડા સહિતના કેટલાક વિધેયકો રજૂ કરાશે. આવતીકાલે અંદાજપત્ર રજૂ કરાશે.

---

## આનંદીબેન પટેલ ધોળાવીરાની મુલાકાતે:

પાંચ  હજાર વર્ષ જૂની  હડપ્પન સંસ્કૃતિના અવશેષો જ્યાં સચવાયેલા છે, તેવા વિશ્વ ધરોહર ધોળાવીરા ખાતે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે  મુલાકાત લીધી હતી. આ દરમ્યાન તેમણે કચ્છની આ વિશ્વ વિરાસતનો સારો વિકાસ થશે, તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો, તેમણે સ્થાનિક મુદ્દાઓ અંગે પણ માહિતી મેળવી હતી.

તેમણે રોડ ટુ હેવન, ધોળાવીરા સાઈટ અને હડપ્પન મ્યુઝિયમને નિહાળ્યું હતું અને ધોળાવીરાના વિકાસ અને તેમાં ખૂટતી કડીઓ બેન્ક, એટીએમ, વીજળી, પાણી, ખેતીવાડી, પશુપાલન, ડેરી જેવી સુવિધાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

---

## ગાંધીધામ ખાતે કૃષિ સેમિનાર:

કચ્છના કૃષિ ક્ષેત્રને વધુ સશકત વૈજ્ઞાનિક અને બજાર મુખી બનાવવાની દિશામાં ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ, નગા વલાડીયા ગ્રામ પંચાયત તેમજ ખાનગી સંસ્થાઓના સંયુકત ઉપક્રમે કૃષિ આધારીત સેમીનાર આગામી તા. 21 મીએ યોજાશે. આ કાર્યશાળામાં કૃષિ ઉત્પાદનથી લઈને પ્રોસેસીંગ, માર્કેટીંગ, અને મુલ્યવર્ધન સુધીના મુદાઓ ઉપર માર્ગદર્શન આપવામાં આવશે. આજના સમયમાં ઉત્પાદન જ પુરતું નથી પરંતુ ખેત પેદાશને યોગ્ય બજાર બ્રાન્ડીંગ, પ્રોસેસીંગ અને નિકાસ સાથે જોડાવવું એટલું જ જરૂરી છે. આ સેમીનાર ખેડુતોને સીધા નિષ્ણાંતો સાથે જોડીને માર્ગદર્શન અપાશે.

---

## કચ્છ યુનિવર્સિટી ખાતે રાષ્ટ્રીય સેમિનાર:

નોલેજ કાન્સોર્શિયમ ઓફ ગુજરાત દ્વારા આવતીકાલે ઉચ્ચ શિક્ષણમાં સંશોધન અને સુવિધાઓને પ્રોત્સાહન માટે કચ્છ યુનિવર્સિટી દ્વારા એક દિવસીય રાષ્ટ્રીય સેમિનાર યોજાશે. `આયુર્વેદા મીટસ મોડર્ન સાઇન્સ, ધ કમેસ્ટ્રી ઓફ મોડર્ન હર્બલ ટ્રેડિશન' વિષયે આયોજિત આ રાષ્ટ્રીય સેમિનારમાં અંદાજે 100 જેટલા ડેલિગેટ ભાગ લઈ રહ્યા છે. સેમિનારમાં આયુર્વેદ અને આધુનિક વિજ્ઞાન વચ્ચેનો સંબંધ, ઔષધીય છોડોની રસાયણિક રચના, હર્બલ દવાઓના ગુણધર્મો અને આધુનિક સંશોધનમાં તેમના ઉપયોગ જેવા વિષયો પર ચર્ચા થશે. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ, સંશોધકો અને શિક્ષકોને હર્બલ વિજ્ઞાન ક્ષેત્રે નવી માહિતી અને સંશોધન માટે પ્રેરણા આપવાનો છે.

---

## હવામાન:

જિલ્લામાં ગઈકાલે પવનની ઝડપ વધવા સાથે મહત્તમ ઉષ્ણતામાનમાં ઘટાડો નોંધાયો હતો અને ગરમીમાંથી રાહત મળી હતી. દિવસ રાત્રિના તાપમાનમાં મોટો તફાવત રહેતા વાતાવરણાં વિષમતા જળવાયેલી રહી હતી, ત્યારે આગામી 48 કલાક બાદ રાજ્યના

તાપમાનમાં વધારો થવાની શક્યતા છે. ઠંડીનું જોર ધીમે ધીમે ઘટતા ક્રમશઃ ગરમીની શરૂઆત થશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર બે દિવસ બાદ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની સંભાવના છે. જોકે ત્યારબાદ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નહીવત છે. રાજ્યમાં ઉત્તર-પશ્ચિમથી ઉત્તર દિશાના પવનો ફૂંકાવાની શક્યતા છે.

------------------------------------------------------------------------------------------------